ગાંધીનગર સમાચાર

વિક્રમ સંવત ૨૦૭૩નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

હસ્ત તા. ૨૯-૧૦-૨૦૧૭થી પ્રવેશ

ચિત્રામા તા. ૧૯-૧૧-૨૦૧૭

સ્વાતિમાં ૧૦-૧૨-૨૦૧૭થી મંગળનો પ્રવેશ થશે. આથી મંગળનું ભ્રમણ આ નક્ષત્રમાં તારીખ ૮-૧૦-૨૦૧૭થી ૧૦-૧૨-૨૦૧૭ સુધી રોહીણી ૮-૧૦-૨૦૧૭થી ૧૦-૧૨-૨૦૧૭

મંગળનું ક્ષેત્ર : દક્ષિણ ભારત, નીલગિરીક્ષેત્ર. ગોવા સમેત દક્ષિણી પઠાર પ્રદેશ, કેરળ, અન્ય બાબતો જોઈએ તો, આંતર જ્ઞાતિય સંતતિ, શહેરી વિભાગ, ભૂમિ અને કૃષિ ઉપજથી રોજી કમાનાર, નશીલાપ્રદાર્ષ,

કાલક, સુરાષ્ટ્ર, બાદર અને મહાસમુદ્ર આ દેશો નૈઋત્ય ખુણાના વિભાગમાં આવેલા છે.

નક્ષત્રના આધિપત્યમાં

સ્વાતિ :- પક્ષીઓ, અશ્વો, વ્યાપારિયો, વાયુ કરનાર ધાન્યો, સદાચારી, તપસ્વીઓ, કુશળ વણિકો, આ સર્વે સ્વાતિ નક્ષત્રના આધિપત્યમાં ગણાય છે.

વિશાખા :- રક્તપુષ્પ, રક્તફળવાળાં, વૃક્ષો, તલ, મગ, કપાસ, અડધ ચણા અને અગ્નિઓ ઈન્દ્રના ભક્તો વિશાખા નક્ષત્રના આધિપત્યમાં

વેધનક્ષત્રો :- આદ્રા, પુનર્વસુ, પુષ્ય નક્ષત્રોના સંહિતક કારત્વ જોઈએ તો જયેષ્ઠ :- સેના, યુદ્ધકુશળ છે તેવી, સૈનિક, તાનાશાહ, પ્રસિદ્ધ, લોકો, ઠગ, ધોખેબાજ, સન્માનિત લોકો, સેનાપતિ, ખાનદાન લોકો, ધનવત.

મૂળ :- જૈવિક દવાઓ, ખાતર, બીજ, ખેતી, મોટા ખેડૂતો, તાંત્રિક, વામપંથી વિચારધારાવાળા, ચિકિત્સાની વિવિધ ઉપચાર પદ્ધતિ તેમજ ઉપકરણો.

જૈવિક ક્લોનિંગ, અંગ પ્રત્યારોહણ આદિ

પૂર્વાષાઢા :- નાવિક, જલમાર્ગ, જલયાન, જલમાર્ગનો વ્યાપાર,

નક્ષત્રોના સંહિતા વિષયક કારકત્વ જોઈએ તો,

ઉત્તરાષાઢા :- મોટા ઘરાનાના મોભી, મોટી ઉદ્યોગકીય મશીનરી અને તેનાં નિર્માણ સ્થાન, મોટા બિલ્ડર. બધી વનસ્પતિઓ, મલ્લયુદ્ધની પ્રતિયોગિતાઓ, મોટાં મોટાં ભવનોનું નિર્માણ સ્થાન, બોડી બિલ્ડર પહેલવાન વિ.

શ્રવણ, માયાવી, ઠગ, ચાલબાજો, ધર્મનો વ્યવસાય કરનાર ભક્તો, મેળ મિલાપ કરાવાવાળા મધ્યસ્થી લોકો, મોટા મંદિરનાં પુજા સ્થાનો, તીર્થસ્થાન, વાયુસેના (પ્રાચીન પ્રમાણ છે.

ઘનિષ્ઠા :- મિત્રો, મધુરભાષી, સિદ્ધાંતવાદી લોકો નપુસક, ધનવાન, મહાજન, ડુંગળીનો વેપાર કરનાર લોકો.

● સંવત ૨૦૭૩ના ચોમાસાનાં નક્ષત્રો ●

સ્ત્રી, પુરુષ-સૂર્ય-ચંદ્ર

તારીખ	વાર	સૂર્ય નક્ષત્ર	ચંદ્ર નક્ષત્ર	વાહન	માહિતી	પ્રવેશ
૯-૬-૧૭	ગુરૂ	મૃગશિર્ષ	અનુરાધા	ઘેટુ	પુ.ન.સૂ.સૂ.	સવારે ૬.૦૭
૨૧-૨-૧૭	બુધ	આદ્રા	રોહિણી	ભેંસ	સ્ત્રી.પુ.ચે.ચે.	પરોઢિયે
૨૯.૦૯						
૫-૭-૧૭	બુધ	પુનર્વસુ	અનુરાધા	શિયાળ	સ્ત્રી.ન.ચે.સૂ.	પરોઢિયે ૨૮.૪૧
૧૯-૭-૧૭	બુધ	પુષ્ય	રોહિણી	મૂષક	સ્ત્રી.પુ.ચં.સૂ.	સંયોગિયુ ૨૮.૧૬
૨-૮-૧૭	બુધ	આશ્લેષા	જયેષ્ઠા	અશ્વ	સ્ત્રી.ન.ચે.સૂ.	૨૭.૦૪
૧૬-૮-૧૭	બુધ	મઘા	રોહિણી	ઘેટુ	સ્ત્રી.પુ.ચે.સૂ.	સંયોગિયુ ૨૪.૪૮
૩૦-૮-૧૭	બુધ	પૂ.ફા.	જયેષ્ઠા	ગધેડો	સ્ત્રી.નપુ.સૂ.સૂ.	૨૦.૪૦
૧૩-૯-૧૭	બુધ	ઉ.ફા.	મૃગશિર્ષ	દેડકો	સ્ત્રી.પુ. સૂ.સૂ.	૧૪.૩૬
૨૬-૯-૧૭	મંગળ	હસ્ત	જયેષ્ઠા	મૂષક	સ્ત્રી.ન.સૂ.સૂ.	૩૦.૦
૧૦-૧૦-૧૭	મંગળ	ચિત્રા	મૃગશિર્ષ	અશ્વ	સ્ત્રી.પુ.સૂ.સૂ.	૧૯.૦૪
૨૩-૧૦-૧૭	સોમ	સ્વાતિ	જયેષ્ઠા	ઘેટુ	સ્ત્રી.ન.સૂ.સૂ.	૨૯.૩૦

સામાન્ય રીતે ભારતમાં જૂન માસમાં પ્રથમ સપ્તાહમાં એટલે કે મૃગશિર્ષ નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કરે છે. ત્યારથી જ વાવણીની શરૂઆત થઈ જતી હોય છે. આમ છતાં સૂર્યના આદ્રા નક્ષત્રનું મહત્વ આપણે ત્યાં ઘણું છે. આદ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ વખતે (પૃથ્વી રજસ્વલા બને છે)

નોંધ :- આ વર્ષે વરસાદ એકંદરે મધ્યમ પડે, ક્યાંક વધુ ક્યાંક ઓછો. ખેડવૃષ્ટિ રહે, પવનથી ઘણી વખત વાદળો ખેંચાઈ જાય.

● ચોમાસાના નક્ષત્રો ●

મહત્વની ચાર સૂર્ય સંક્રાંતિ

(૧) વિ.સ. ૨૦૭૩ પોષ વદ-૨, શનિવાર, તા. ૧૪-૨-૨૦૧૭ના રોજ સવારે કકલાક ૭.૩૭ મિનિટ સમયે મકર સંક્રમણ છે.

આ સમયમાં ચંદ્ર રાશિ કર્ક છે. પ્રતિયોગ અને કરણ છે, મકર લગ્ન ઉદિત છે. આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. પૂણ્યકાળ સવારે આખો દિવસ છે. મુહૂર્ત ૧૫ છે.

સંક્રાતિ શનિવારની અને મુહૂર્ત ૧૫ની હોય તો તેજી કારક ગણાય છે.

(૨) મેષ સંક્રાતિ :- ચૈત્ર વદ-૨ને ગુરૂવાર તા. ૧૨-૪-૨૦૧૭ના રોજ મોડી રાત્રે ક. ૨૬.૦૫ મિનિટે સૂર્ય નિરપણ મેષ રાશિમાં પ્રવેશ કરે છે. મૂ. ૪૫ છે. મેષ સંક્રાતિ ભદ્રા તિથિમાં થતી હોવાથી રાજપ્રજા વચ્ચે વૈમસ્ય રહે. પ્રાણીઓને કષ્ટ રહે. સોંઘવારી સૂચક ગણાય. સોળ વિશ્વા રહે.

(૩) કર્ક સંક્રાંતિ :- અષાઢ વદ, ૭ને રવિવાર તા. ૧૬-૭-૨૦૧૭ના રોજ કલાક ૧૬.૦૬ મિનિટે (બપોર પછી) સૂર્ય નિરપણ કર્ક રાશિમાં પ્રવેશ કરે છે. મુ. ૩૦ સામ્યાર્ધ.

કર્ક સંક્રાતિના દિવસે રવિવાર હોવાથી વરસાદ ઓછો પડે. ખંડવૃષ્ટિ જણાય, પવનનું જોર રહે, ઘઉં ચોખા વિ. ધાન્ય તથા ઘીના ભાવમાં તેજી રહે તેવું ફળ ગણાય છે. ચંદ્ર જળચર રાશિમાં હવાથી વરસાદ ખંડવૃત્તિ હોવા છતાં ઘણા ભાગોમાં સારો થાય.

(૪) તુલા સંક્રાંતિ :- આસો વદ ૧૩ (ધનતેરસ) મંગળવાર તા. ૧૭-૧૦-૨૦૧૭ના રોજ કલાક ૧૨.૨૭ મિ.ના સમયે સૂર્ય નિરપણ તુલા રાશિમાં પ્રવેશ કરે છે. મૂ. ૪૫ સમર્ધ. મંગળવાર હોવાથી મગ, તથા ચોખા, ચોળા, વિ. ધાન્ય સારાં પાકે, કળથીની હાનિ જણાય.

ઉપર્યુક્ત ચાર મહત્વની સૂર્ય સંક્રાંતિના અસરો મુખ્યત્વે ભાવ-તાલ, વર્ષણ, સર્વષણ તેમજ વિગ્રહ વિ. બાબતો જણાવે છે.

ખેડૂતભાઈઓના નવા વર્ષમાં ધાન્યાદિ જણસના વસાને મહત્વ આપતા જોવા મળે છે. વસા નીચે મુજબ છે

અનાજ	કઠોળ	તેલિબીયા	અન્ય નીચે મુજબ છે
ઘઉં-૧૫	તુવર-૧૫	સરસવ-૧૧	વરિયાળી-૧૩
ડાંગર-૧૫	મગ-૧૫	મગફળી-૧૫	ઈસબગુલ-૧૧
બાજરી-૧૧	અડગ-૧૧	રાજગરો-૧૧	અજમો-૧૩
જુવાર-૧૩	ચણા-૧૩	ધાણા-૧૩	કોકમ-૧૫
મકાઈ-૧૫	ચોળા-૧૨	-	કોકમ-૧૫
જવ-૧૧	વાલ-૧૧	આમલી-૧૧	
તલ-૧૩	વટાણ-૧૩	સૂઈ-૧૩	
-	-	-	પદાર્થો
-	-	-	સાકર-૧૧
-	-	-	શ્રીફળ-૧૩
-	-	-	પાકોમાં કપાસના-૧૩

શુક્રનો ઉદય પણ મેદનીય ક્ષેત્રમાં ઘણી વખત પ્રભાવિત રહેતો હોય છે. શુક્રના ઉદય ચલત વિ. અંગે જોઈએ તો તા. ૨૨-૩-૨૦૧૭થી ૨૫-૩-૨૦૧૭માં શુક્ર મનુષ્યગણમાં રહેશે. પશ્ચિમે શુક્રનો ઉદય ગુજરાત માટે પણ પ્રભાવી રહેતો હોય છે.

ઉત્તરાષાઢામાં શુક્ર તા. ૨૯-૧૧-૨૦૧૬ થી પ્રવેશ

શ્રવણમાં શુક્ર તા. ૧૧-૧૨-૨૦૧૬ થી પ્રવેશ

ઘનિષ્ઠમાં સુક્ર તા. ૨૨-૧૨-૨૦૧૬ થી પ્રવેશ

શતારામાં તા. ૪-૧-૨૦૧૭ થી શુક્ર આવશે. ઉ. ષામાં સૂર્ય તા. ૧૧-૧-૨૦૧૭, શ્રવણ નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ તા. ૨૪-૧-૨૦૧૭ થી થશે. ધનિષ્ઠમાં, સૂર્ય તા. ૬-૨-૨૦૧૭ અને શતતારામાં તારીખ ૧૯-૨-૨૦૧૭ થી પ્રવેશ થશે. શુક્રગ્રહના અન્ય ગ્રહ સાથેના યોગો જોઈએ તો, શુક્ર, રાહુ પ્રતિયોગ તા. ૭-૧-૨૦૧૭, જુલાઈ તા. ૨૪, શુક્ર, શનિ પ્રતિયોગ યુતિ નબળા તા. ૧૬, શુક્ર, ગુરૂ યુતિ આ અરસામાં કામુક્તા સબંધી ગુનાખોરી વધે. મુસ્લીમ રાષ્ટ્રોમાં વેરઝેર આતંકવાદ વધે.

ઉત્તરમાં, સમસ્ત બર્ફીલા પહાડોનો પ્રદેશ, અરૂણાચલ, નાગાલેન્ડ, નેપાળ, સિક્કિમ, મેઘાલય આદિ કૂર્મચક્રના આ વિભાગનાં નક્ષત્રો.

શતલિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા ઉપર્યુક્ત નક્ષત્રના અંહિસા વિષયક કારકત્વ.

રાતભિષા :- માછીમારો, કોટવાલ, પોલીસ, જેલર, તરવૈયા, ગોતાખોર, ધોબી અને તેના જેવા વ્યવસાય કરનારા, પાણીના જીવો, સુવર પાળવાવાળા લોકો, દારૂના વ્યવસાય કરનારા, ચિડિયાઘર પક્ષીઓનો વ્યવસાય કરનાર (આ પૈકી પ્રાચિન વ્યવસાય આવા હશે)

પૂર્વાભાદ્રપદા :- અધાર્મિક લોક, ચોર, હિંસક, ક્રૂર, લડાયક લોક, આ વિષયક જાતિ, નીચ પ્રવૃત્તિના લોકો, નિયમના પાડવાવાળા લોકો, આવા પ્રકારના સમુદાયો.

ઉત્તરાં ભાદ્રકપદા :- કર્મકાંડ કરનાર, તપસ્વી યત્ર કરનાર, દાનથી ચાલતી સંસ્થાઓ, ખાવા-પીવાની ચીજોનો ધંધો કરનાર, દાનથી

ભંડારગૃહ, ધાતુઓનું સ્થાન, બૌદ્ધ જૈન સં. યાષ્ઠી, હોટલ, રેસ્ટોરન્ટ, છાપખાના પ્રેસ, સૈન્ય ક્ષેત્રનો કારક મંગળ છે.

આથી મંગળ પ્રધાન વાવેતર થાય તો, કેરળ, કર્ણાટક, તામિલનાડુ, વિ. ભાગો, ચક્રવાત, વાવાઝોડા, વરસાદ તેમજ રાજકીય બાબતોથી વ્યસ્ત બને. આ ગાળામાં અઘટિત બનાવો બનવા છતાં, ગુરૂનું ભ્રમણ સાનુકૂળ હોવાથી પ્રતિકૂળતામાં ઘટાડો થાય.

ગુરૂ ગુરૂનું ભ્રમણ આ નક્ષત્ર સમૂહમાં તા. ૨૮-૯-૨૦૧૬ થી ૧૩-૧૦-૨૦૧૭ સુધી ગ્રહો જે પ્રતિકૂળતામાં થોડી ઘણી સાનૂકૂળતા ઉભી કરે. સૂર્ય આ નક્ષત્ર સમુદાયમાં, તા. ૧૩-૯-૨૦૧૭ થી ૨૩-૧૦-૨૦૧૭ સુધી રહેશે. સૂર્ય, મંગળના ભ્રમણો હવામાનમાં ગરમી વધારે અને હવામાનમાં વિષમતા ઉભી કરે. વરસાદી સંભાવના કરે અકસ્માત, શસ્ત્રસંગ્રામ, આંદોલનો, ઝઘડા, ટંટા, વગેરે વિ. સૂચવે છે.

આથી દક્ષિણના રાજયમાં સપ્ટેમ્બરના પાછલા દિવસે અને ઓક્ટોબરના પ્રથમ અર્ધ ભાગમાં નોંધપાત્ર ઘટના બનવાના સંજોગો છે.

કૂર્મચક્રના નૈઋત કોણામાં, સ્થિત, મધ્યપ્રદેશ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કાઠિવાડ, અફઘાન અને બલૂચ-પઠાણીપ્રદેશ.

કૂર્મચક્રમાં નૈઋત્ય કોણનાં નક્ષત્રો :-

સ્વાતિ વિશાખા, અનુરાધા

વેધનક્ષત્ર :- રેવતી, અશ્વિની, ભરણી

નૈઋત્ય કોણના દેશોનું પ્રાચીનનામ પ્રમાણે આધિપત્ય

પલ્લવ, કોંબોજ, સિંધુ, સૌવીર, વડવામુખ, અરબ, અમ્બઈ, કપિલ, નારીમુખ, આનર્ત, ફેણગિરિ, યવન, માર્ગર, કર્ણાત્રાવૈધ, પારશવ, શુદ્ધ, બર્બર, કિરાત, ખંડ, કવ્યાદ, આભીર, ચંચુક, હેમગિરિ, સિંધુનદ,

ગણાય છે.

અનુરાધા :- શૂરવીરો, ગણનાયકો, સત્યસષો, વિદ્વદ, સંસપી માણસો, શરદઋતુમાં ઉત્પન્ન થનાર ધાન્યો આ સર્વે આ નક્ષત્રના આધિપત્યમાં ગણાય છે.

આ નક્ષત્રમાં ગ્રહોના ભ્રમણ અંગે જોઈએ તો,

મંગળગ્રહ

તા. ૧૦-૧૨-૨૦૧૭ થી સ્વાતિમાં

તા. ૧-૧-૨૦૧૮ થી વિશાખામાં

તા. ૨૨-૧-૨૦૧૮ થી અનુરાધામાં

ગુરૂગ્રહ પ્રવેશ

વિશાખા નક્ષત્ર - ૧૬-૧૨-૨૦૧૭થી

સ્વાતિ. (વક્રગતિ) ૧૭-૬-૧૮

શુક્ર તા. ૮-૧૧-૧૭ અનુરાધા ૨૯-૧૧-૧૭

વિશાખા ૧૮-૧૧-૧૭ જયેષ્ઠા ૧૦-૧૨-૧૭

સૂર્ય, સ્વાતિ વિશાખા, અનુરાધા અને નક્ષત્રમાં ભ્રમણ

સૂર્ય સ્વાતિ વિશાખા, અનુરાધા તા. ૨૩-૧૦-૨૦૧૭ થી ૨-૧૨-૨૦૧૭ - આ ગાળામાં ગુજરાત, સૌરાષ્ટ્રમાં પણ ઘણા નોંધપાત્રો બનાવો બને. આ ઉપરાંત અફઘાન તેમજ મુસ્લિમ રાષ્ટ્રોમાં ચળવળ, આતંકીપ્રવૃત્તિ વધે. બલૂચ આંદોલન તીવ્ર બને. મધ્યપ્રદેશમાં પણ અવનવા બનાવો બને.

કૂર્મચક્રના પશ્ચિમ ભાગમાં,

શકદેશ, પાકિસ્તાન વ : પંજાબનો ભાગ રહેશે.

આ ભાગમાં આવતાં નક્ષત્રો, જયેષ્ઠા, મૂળ અને પૂર્વષાઢા છે.

કોમલ ઉપકરણ, પાણી અને પાણી સાથેના વ્યવસાયો.

સાર્વજનિક નિર્માણ, પુલ, સડક વિગેરે, ધનવાન લોકો ગોચરમાં પણ આ નક્ષત્રમાં આધિક પાપગ્રહ હોય, નબળા યોગો થયા હોય તો આ નક્ષત્રના અધિકારક્ષેત્રમાં આવતી બાબતોને અસર થાય છે, કષ્ટ, અવ્યવસ્થા, ચીજોના અધિકાર ક્ષેત્રમાં ચઢ ઉતર વિ. જેમ કે શનિનું ગોચર ભ્રમણ, મંગળનું વક્રી થવું. શનિ, સૂર્ય, મંગળના નબળા યોગો થવા, સૂર્ય, ચંદ્રમાં ગ્રહણો, ઉલ્કાનું પડવું. મુખ્ય કરીને શનિ, મંગળની યુતિ સંહિતા વિષયક ગ્રંથો પ્રમાણે યુદ્ધકારક ગણાય છે. શનિ ગ્રહ પશ્ચિમી ક્ષેત્રનો દ્યોતક છે. આપણે જોઈએ છીએ કે પાક સીમા ઉપર લગાતાર ગોલીબારી થતી રહે છે. આતંકવાદી પ્રવૃત્તિ ચાલ્યા કરતી હોય છે. ત્યારે નક્ષત્રનું ગ્રહ ગોચર કૂર્મમંત્રનો યોગો જોવા ઘટે.

મંગળ ગ્રહનું ભ્રમણ જયેષ્ઠ, મૂળ અને પૂર્વાષાઢા નક્ષત્રમાં, તારીખ ૧૩-૨-૨૦૧૮ થી ૨૫-૪-૨૦૧૮ સુધી પ્રભાવિત રહે. શનિગ્રહના ભ્રમણ અંગે જોઈએ તો, જયેષ્ઠામાં માર્ગી શનિ, તા. ૧૭-૯-૨૦૧૬, મૂળ નક્ષત્રમાં ૨૬-૧-૨૦૧૭ જયેષ્ઠામાં વક્રી થઈને ૨૧-૬-૨૦૧૭ મૂળ નક્ષત્રમાં માર્ગી થઈને ૨૬-૧૦-૨૦૧૭ પૂર્વાષાઢામાં ૨-૩-૨૦૧૮માં ડિસેમ્બર ૨૦૧૬ તા. ૧૦, જાન્યુઆરી ૨૦૧૭ તા. ૧૯, ફેબ્રુ. તા. ૨૨, મે. તા. ૨૯, જૂન તા. ૧૫, જુલાઈ તા. ૧૮, ૨૭ ઓગષ્ટ તા. ૧૭ સપ્ટે. તા. ૧૪, ૨૫, ઓક્ટોબર તા. ૧૦, ૧૯, ૩૦ નવેમ્બર તા. ૧૯ આ તારીખોમાં આમ થાય. ઘટનાપ્રધાન દિવસો સવિશેષ ગણી શકાય. અથગોચરની અશુભતાપણ નહી શકે.

કૂર્મચક્રના વાયવ્ય વિભાગના દેશો જોઈએ તો, ચંદીગઢ, જાલંધર, હિમાચલનો નીચેનો ભાગ. વાયવ્ય ભાગમાં આવતાં નક્ષત્રો કૂર્મચક્ર પ્રમાણે ઉત્તરાષાઢા, શ્રવણ અને ઘનિષ્ઠા. વેધ નક્ષત્રો. આશ્લેષા, મઘા, પૂ. ફા.

પ્રથમભાવ :- પ્રથમ ભાવમાં ગુરૂની પંચમ દ્રષ્ટિ થવાથી પ્રજાની તંદુરસ્તી એકંદરે સપ્ન રહે. વરસાદ કંઈક અંશે દેશના ભાગોમાં સારો રહેવાની સંભાવના રહે.

બીજો ભાવ :- બીજા ભાવમાં કેતુ હોવાથી બેંકોની હાલતમાં સુધારો કરવા ઘણી મથામણ સરકારે કરવી પડેશ. મંદી રહે. લોન, શેર બજારમાં ઘણી વખત ઉથલપાથલ પણ જોવા મળે. રેવન્યુ માટે સરકારે યત્ન કરવો પડે.

ત્રીજો ભાવ :- ત્રીજા ભાવમાં હર્ષલ ઉપર ગુરુની દ્રષ્ટિ થવાથી પોષ્ટ ખાતામાં નવીન સુધારા થાય. દૂરસંચાર વ્યવસ્થામાં પણ સુધારો જણાય. નવીનત્તમ આવિષ્કાર થાય. પોષ્ટમાં ઘણા ફેરફાર જોવા મળે. આધુનિકતા આવે રેલવે ખાતામાં પણ ઘણા સુધારા થાય. ખાનગી ક્ષેત્રનો પગ પેસારો થાય. વાહનવ્યવહારના સાધનોમાં સુધારા થાય. ઉદ્યોગ કારખાના ગૃહો નવીનત્તમ એન્જીનીયરીંગથી આધુનિક સાધનો બનાવે મોટરકારમાં નવીનત્તમ સુધારા થતા જોવા મળે. અદ્યતન કારો બજારમાં જોવા મળે. દ્વિચક્રી વાહનોમાં પણ નવીનતા આવે. પુસ્તકો, ન્યુઝપેપર, લાયબ્રેરી વિ.માં પણ સુધારા જણાય.

ચોથો ભાવ :- જમીનનો કારક મંગળ ચર્તુથેશ થઈને પાંચમા ભાવમાં છે. ખેડૂતવર્ગને ઉન્નત ખેતીનાં પગલાં અસરકારકથી લેતાં જોવા મળે. નવીનત્તમ શોખ, બીજક્ષેત્રે, કૃષિક્ષેત્રે થતી જોવા મળે. ખેડૂતોની આવક વધે તેવા સ્ત્રોતો થતા જોવા મળે. ખાણ-ખનીજ ખાતામાં પણ સુધારા થાય. ખાણોની આવક થતી જોવા મળે. ચોથે સૂર્ય બુધ રાશિના ભાગમાં છે. એટલે ઘણી વખત કાર્ય સુધારા સારા હોવા છતાં યશ કિર્તિ જોઈએ તેવી ન મળે.

પાંચમો ભાવ :- પાંચમા ભાવમાં મંગળ ઉપર ભાગ્ય સ્થાનથી ગુરૂની દ્રષ્ટિ થાય છે. શિક્ષણક્ષેત્રે સુધારા જણાય. મનોરંજનના સાદનો સિનેમા ઉદ્યોગને વિકસિત કરવાના યત્ન થાય. નાટક, રાગ, નટ, નટી, ટી.વી. મનોરંજનના સાદનોમાં નવીનતા આવે. મોજ શોખના પર્યટક સ્થળોમાં પણ સુધારા થાય. પર્યટક ઉદ્યોગોને પ્રોત્સાહન મળતુ જણાય.

છઠ્ઠો ભાવ :- બુધ ષષ્ઠેશ થઈ ચોથે છે. છઠ્ઠા ભાવમાં શનિની દ્રષ્ટિ છે. ઘણી વખત જાહેર સુખાકારીમાં ઓટ આવે. નવીનત્તમ રોગ આવતાં જાહેર સ્વસ્થતા જળવાતી નથી તેવા સ્થાનોમાં રોગચાળો માથુ ઉંચકે હોસ્પિટલમાં આવા રોગીઓની સંખ્યામાં વધારો થતો પણ જણાય. ગરીબ વર્ગની હાલત કફોડી થતી જણાય. મજૂર વર્ગ અને નાના પ્રકારના મહેનત કરનાર વર્ગને બે ટંકનું ખાવાનું પણ ગણી વખત દોહ્યલુ બનતુ જણાય. સૈન્યની સ્વાસ્થ્યની કાળજી લેવી રહી. દરિયાઈ સૈન્યમાં સૈનિકોના સ્વાસ્થ્યની પુરેપુરી કાળજી લેવી સારી રહે. વૈશ્વિક હવામાનથી દુષિતતાથી સ્વાસ્થ્યમાં ઓટ આવે. પ્રજામાં શારિરીક વ્યાધિઓ વધતી જણાય. હોસ્પિટલ પહોંચી પણ સવારે તેવી સ્થિતિ સર્જાય તો કોઈ નવું નહી.

સાતમો ભાવ :- સાતમા ભાવમાં કોઈ શુભ ગ્રહની દ્રષ્ટિ નથી. સાતમુ સ્થાન ભાગીદારીનું છે. સાતમો ભાવ રાહુની કર્તરીમાં હોવાથી પડોશી મુલક તરફથી પરેશાની વધે. ઘણી વખત સરહદે તનાવ એવો જણાય કે હમણા યુદ્ધ થઈ જશે. સીમા વિવાદ વધતા જણાય. ઘણી વખત સરહદી ઈલાકામાં આંદોલનો તોફાનો જોવા મળે. ઘણી વખત પરરાષ્ટ્રીય કરારો પણ કરવા પડે કે જેથી શાંતિ જળવાઈ રહે.

આઠમો ભાવ :- આઠમા ભાવમાં રાહુની સ્થિતિ જોતાં ઘણી વખત લોકોમાં મરણનું પ્રમાણ વધતુ જોવા મળે. એટલે પ્રજા સ્વાસ્થ્ય માટે ખાસ કાળજી લેવી. અવનવા બનાવો પણ મૃત્યુ પ્રમાણે વધારે. નદીઓના વહેણ, પાણીમાંની ઘણી, જમીન ઉપરના બનાવો. વિ.ના કારણે પણ અઘટિત બનાવો બન્યા કરે. કુદરતી બનાવો સામે માનવી વામળો પુરવાર થતો

● દેશનું શુભાશુભ ભવિષ્ય ●



દેશના પાટનગરમાં વિક્રમ સંવત ૨૦૭૩માં એપ્રિલ તા. ૧૪-૪-૨૦૧૭માં સૂર્યના મેષ સંક્રમણ વખતમાં ધન લગ્નનો ઉદય થાય છે. સૂર્યના મેષ સંક્રમણ કાલની લગ્ન કુંડળી તા. ૧૪-૪-૨૦૧૭ સમય ૨ કલાક ૫ મિનિટ

જોવા મળે.

નવમો ભાવ :- નવમા ભાવમાં ગુરૂની સ્થિતિ ધર્મમાં વૃદ્ધિ જોવા મળે. દેવમંદિર, ગુરૂદ્વારા, ચર્ચ, મસ્જિદો આવા ધર્મ સ્થળોમાં લોકોની આસ્થા વધતી જોવા મળે. ધર્મને જોડતી કડીઓ નવીન યુગમાં જોવા પણ મળે. ધર્માંધતામાં ઓટ આવે ધર્મ સ્થાનના ગુરૂ ઉપર શનિની દ્રષ્ટિ પણ જનમાનવમાં ધાર્મિક ભાવનાઓમાં વૃદ્ધિ સૂચવે છે. ધર્મ સદાચાર તરફ જનમાનસ ઢળતુ જણાય. ભૌતિકવાદમાં સાચો ધર્મ જળવાઈ રહે તો સારૂ ગણાય.

દસમો ભાવ :- દસમો શુભ કર્તરીમાં છે. દશમાભાવની બાબતો જોતાં રાજકર્તાઓનો યશ વધતો જણાય. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારો પ્રજાને લગતી બાબતો તરફ ધ્યાન દોરતી જોવા મળે. રાજકીય પુરૂષાર્થને વેગ મળે.

અગીયારમો ભાવ :- અગિયારમાં ભાવમાં ચંદ્ર ઉપર મંગળની દ્રષ્ટિ છે. મંગળ પુરૂષાર્થનો દ્યોતક છે. મંગળની સ્વરાશિ ઉપર દ્રષ્ટિ પાર્લામેન્ટમાં નવીન સુધારા સૂચવે છે. નવા પ્રકારના સુધારા પ્રજાકીય હેતુલક્ષી રહે. પાર્લામેન્ટમાં વિરોધ થવા છતાં સારા સુધારા પણ જોવા મળે. લોકતંત્ર શારૂ ચાલે.

બારમો ભાવ :- બારમા ભાવમાં શની, પ્લુટોની સ્થિતિ નબળી છે. શનિ ઉપર મંગળની દ્રષ્ટિ પણ સારી નથી. ઘણી વખત બંદીખાનાની હાલતમાં સુધારા ન પણ જણાય. હોસ્પિટલો, મોટા મોટા હાઉસીંગ બાબતોમાં મુશ્કેલી હરકતો આવતી જણાય. બદમાશોની પ્રવૃત્તિ વધે, ગુનાખોરીમાં વધારો થતો જોવા મળે. ખાનગી દુશ્મનો અને જાસુસી પ્રવૃત્તિઓ વધતી જણાય. જેના ષડયંત્રોનો ખ્યાલ પણ ન આવે. બદી ડ્રગ્સની હેરાફેરી, માદક પદાર્થોની હેરાફેરી વધતી જણાય.

દેશના કેટલાક ભાગોની સ્થિતિ ગ્રહ યોગોથી જોતાં

મેષ રાશિની સત્તા હેઠળના કેટલાક ભાગો અંગે જોઈએ તો

વડોદરા, ચેન્નઈ અને પોંડિચેરી વિ. ભાગોમાં નવીનત્તમ પ્રગતિ જોવા મળે. ઔદ્યોગિક બાબતો હરણફાળ ભરતી જોવા મળે. ઘણી નવીનત્તમ બાબતો જોવા મળે. આ શહેરોની રોકન વધતી જણાય છે.

વૃષભ રાશિ હેઠળના કેટલાક ભાગો :-

સુરત જેવા ભાગોમાં ઘણી વખત મંદી જોવા મળે. હીરા ઉદ્યોગમાં મંદતા જોવા મળે. વળી નવીન પ્રકારની બાબતોના આ વિષયની ઓટ અને કેટલાક બાહ્ય પરિબળો સુરતની શાન ન બગાડે તે જોવુ રહ્યુ. આમ છતાં ગ્રહની દ્રષ્ટિ સુરતના ઉદ્યોગવીરો પોતાની કોઠાસુઝથી આગળ લાવશે.

મિથુન રાશિ હેઠળના ભાગો અંગે જોઈએ તો :- મહારાષ્ટ્રના કેટલાક ભાગો ઔદ્યોગિક ક્રાંતિમાં આગળ વધે.

કર્કરાશિની સત્તા હેઠળના ભાગો જોઈએ તો,

હૈદ્રાબાદ વિ. ભાગોમાં પ્રગતિ થાય છતાં વિપરીત પરિબળોના કારણે પ્રગતિમાં ઓટ પણ આવે.

સિંહ રાશિના ભાગો :- ગુજરાતના મધ્ય ભાગમાં, ઘણી વખત હરકતો જણાય.

કન્યા રાશિગત ભાગો :- પૂના અને નાગપુરની પ્રગતિ હરણફાળ ભરતી જોવા મળે. નવીન ઉદ્યોગો, નવીન ટેકનોલોજી અને અદ્યતન વિકાસ થતો જોવા મળે.

તુલારાશિ :- ગુજરાતમાં ઔદ્યોગિકરણ જોર પકડે. નવીનત્તમ પ્રકારના ઉદ્યોગો ગુજરાતમાં આવતા જણાય. ઉદ્યોગગૃહો મુડી રોકાણ પણ કરે. પુનઃ ગુજરાત ધમધમતુ જોવા મળે.

વૃશ્ચિક રાશિના ભાગો :- મુંબઈ, દિલ્હી, ફરીદાબાદ, અને કેટલાક બંદરોનો વિકાસ તેમજ વેપાર, ઉદ્યોગમાં પ્રગતિ જણાય.

ધનરાશિના ભાગો :- સૌરાષ્ટ્રના ભાગોનો વિકાસ થતો જોવા મળે. સિંચાઈ, ઉદ્યોગો વિ.નો વિકાસ થતાં સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ મહારાષ્ટ્રના ભાગોમાં પણ વિકાસ જોવા મળે.

મકર રાશિગત ભાગો :- અલ્હાબાદ, બિહાર, પટના, દરભંગા, પંજાબ, વિ. ભાગોમાં ઘણી વખત વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવો પડે. જુદા જુદા પ્રકારના આંદોલનો જોર પકડે. છતાં આ ભાગોમાં રાજ્યો સ્વતંત્ર રીતે પ્રગતિ કરતા આગળ વધતાં જોવા મળે.

કુંભ રાશિગત ભાગો :- રાશિ દેશમાં રશિયા વિ. ભાગોની અદ્યતન ટેકનોલોજીનો લાભ દેશને મળતો રહે. કુંભ રાશિ ગત પશ્ચિમી ભાગમાં નાની મોટી ગરબડો જોવા મળે. કુંભ રાશિ અંગે ભારતમાં કોઈ સત્તા હેઠળનો મુલક જાણમાં નથી.

મીન રાશિગત ભાગો અંગે જોઈએ તો :-

બનારસ પાણીપત અને બંગાળનો વિકાસ જોવા મળે. ઘણી વખત વિકાસમા ચડતી પડતી પણ જોવા મળે. કાપડ ઉદ્યોગમાં મંદી જોવા મળે. પરંતુ કોઈ નવા માર્ગ મળતાં ધંધો ચાલતો પણ જોવા મળે. બંગાળમાં પણ ચઢાવ, ઉરાવ જોવા મળે. ભારતના મુખ્ય રાજ્યો અંગે જોઈએ તો,

ઉત્તરપ્રદેશ :- ઉત્તરપ્રદેશની અસરકર્તા રાશિધન ગણાય છે. ગુરૂ દસમા સ્થાનમાં આવતાં, આ ભાગમાં ખેતી અને ઉદ્યોગો વધે. ચૂંટણી રસાકસીભરી રહે. ભાગ્ય સ્થાનમાં રાહુ રાજકીય ઉત્તેજના બતાવે.

મધ્યપ્રદેશ :- મધ્યપ્રદેશમાં વૃષભ રાશિનું પ્રભુત્વ ગણાય છે. ચોથે રાહુ ઘણી વખત અગમ્ય કારણો બતાવે. ચોરી, લૂંટફાટ વિ. બનાવો બનતા જણાય છતાં ગુરૂની દ્રષ્ટિથી સરકારના પગલાં સારાં રહે.

પંજાબ હિમાચલ પ્રદેશ :- આ ભાગો ઉપર મીન રાશિનું પ્રભુત્વ જણાય છે. પંજાબમાં કેટલીક અનિષ્ઠતા બાદ કરાતં ગુરૂનું ભ્રમણ આ ભાગોના વિકાસ માટે સારૂ રહે. ઉગોગોનો વિકાસ પણ થાય.

બિહાર અને ઉત્તરાંચલ :- આ પ્રદેશો ઉપર વૃષભ અને સિંહ રાશિનું પ્રભુત્વ છે. ઘણી વખત મુશ્કેલીઓનો સામનો આ પ્રદેશોએ કરવો પડે. તો પણ પ્રગતિ થાય.

બંગાળ અને ઓરિસ્સા : આંતરવિગ્રહ અને કુદરતી આફતો નુકશાન કરાવે. અન્ય રીતે પ્રગતિ જણાય.

દક્ષિણ ભારતમાં કુદરતી પ્રભાવ જોવા મળે.